કચ્છની ભૂગોળ.


પ્રશ્નોત્તર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

J. R. PANDAY.

પાંડે જેસીંગ રતનચંદ.

અમદાવાદ.



અમદાવાદ

પાનકોરને નાકે એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૯.. ઇ.સ. ૧૮૯૩.

કિંમત કોરી એક, કે, ચાર આના.

જાહેર ખબર.

અમારી દુકાનેથી નિશાળમાં ચાલતી સર્વે પ્રકારની તથા વારતા, નાટક, ગુજરાતી, અને ઈંગ્લીશ ડીક્ષનરી, નાઈટસમાંથી સિન્દબાદ બક્ષાસીની વાર્તા અને ત્રીબી વીગેરે ઊપયોગી ચોપડીઓ રોકડી કીંમતે વેચાતી મળશે; જરૂર હોય તેમણે નીચેને સરનામે લખવું. મગાવનારને ક તેવી સગવડથી મોકલવામાં આવશે. નવાં પ્રગટ પુસ્ત થઇ વેચી આપશું, જેની ઇચ્છા હોય તેને પત્ર લખી વધ કરવો જથાબંધ રાખનારને યોગ્ય કમીશન આપવામાં આ

પાંડે જેસીંગ રત

ઠેકાણું અમદાવાદ ત્રવે

ભગવાનજી કુંવરજી ભે

પુસ્તકો વેચનાર કચ્છ–

આ પુસ્તક વેચવાનાં ઠેકાણું

... વેચનાર ભગવાનજી કુંવરજી ...

પ્રસ્તાવના.

કચ્છના કેળવણી ખાતામાં ગુજરાતી બીજા ધોરણમાં કચ્છની ભૂગોળ ચલાવવામાં આવે છે. આ ભૂગોળ ઘણી વિદ્વતા ભરેલી અને ઘણી હકીકતથી ભરપૂર છે. પણ શરૂઆતમાં કેળવણી લેનાર વિદ્યાર્થીઓમાં સમજ શક્તિ ઓછી હોય છે તેથી તેમને ભૂગોળમાં આવેલી લાંબી લાંબી હકીકત ગોખવી બહુ કઠણ પડે છે; માટે જો પ્રશ્નોત્તર રૂપે ટુંકામાં મુખ્ય મુખ્ય હકીકત આપેલી હોય તો વાંચતાં રસ પડે. અને પરીક્ષા વખતે સવાલના જવાબ બરાબર આપી શકે એવા હેતુથી આ પ્રશ્નોત્તર છપાવી પ્રસિદ્ધ કરી છે.

તા. ૨૭-૩-૯૩.

પુસ્તક પ્રગટ કરનાર.
હરીદાસ ગોપાળજી
પારખી, શાહમુરાદપીરના કારભારી.
કચ્છ—મુંદ્રા.

ઉ— [illegible]

પ્ર—કોરી જમીન કેટલી અને પાણી કેટલું છે.

ઉ—જો આપણે પૃથ્વીના ત્રણ સરખા ભાગ કરીએ, તો તેમાંના એક ભાગમાં કોરી જમીન, અને બે ભાગમાં પાણી છે.

પ્ર—કોરી જમીનના ભાગને શું કહે છે?

ઉ—કોરી જમીનના ભાગને ખંડ કહે છે.

कच्छनी प्रश्नोत्तर भूगोळ.

પ્રકરણ પેહેલું.

ભુગોળનું સામાન્ય વર્ણન.

પ્ર—ભૂગોળ વિદ્યા એટલે શું ?

ઉ–ભૂ એટલે પૃથ્વી, ગોળ એટલે ગોળો, અને વિદ્યા એટલે જ્ઞાન, એટલે પૃથ્વીના ગોળાનું જ્ઞાન.

પ્ર–પૃથ્વીનો આકાર કેવો છે ?

ઉ–ગોળ દડા જેવો છે.

પ્ર– પૃથ્વી ગોળ છે તેની સાબીતીઓ બતાવો?

ઉ–૧ જે લોકો વહાણમાં બેશી પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે, તેઓ જે ઠેકાણેથી નીકળ્યા હોય, તેજ ઠેકાણે દિશા ફેરવ્યા વગર પાછા આવે છે.

૨ જેમ જેમ વિષુવવૃત્તથી આપણે ઉત્તર તરફ જતાં જઇએ તેમ તેમ ધ્રુવ તારો ઉંચો દેખાતો જાય છે.

૩ જ્યારે ચંદ્રગૃહણ થાય છે, ત્યારે પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર ગોળાકાર પડે છે, (ગોળ વસ્તુની છાયા પણ ગોળ હોય છે, માટે પૃથ્વી ગોળ છે.)

૪ પૂર્વ ભણીના દેશો કરતાં પશ્ચિમ ભણીના દેશોમાં સૂરજ મોડો ઉગેછે.

૫ કોઈ ડુંગરથી જેમ જેમ આપણે વેગળે જતાં જઇએ તેમ તેમ પેહેલો તેનો નીચેનો ભાગ, પછી તેનો વચલો ગાળો, અને છેલે તેની ટોચ દેખાતી બંધ થાય છે.

પ્ર–પૃથ્વી ઉપર શું શું છે ?

ઉ–જમીન (કોરી) અને પાણી છે

પ્ર–કોરી જમીન કેટલી અને પાણી કેટલું છે ?

ઉ–જો આખી પૃથ્વીના ત્રણ સરખા ભાગ કરીએ, તો તેમાંના એક ભાગમાં કોરી જમીન, અને બે ભાગમાં પાણી છે.

પ્ર–કોરી જમીનના ભાગને શું કહે છે ?

ઉ–કોરી જમીનના ભાગને ખંડ કહે છે.

પ્ર–પાણીના ભાગને શું કહે છે ?
ઉ–મહાસાગર કહે છે.
પ્ર–પૃથ્વીનો પરીઘ (ઘેરાવો) કેટલો છે ?
ઉ–૨૪૮૯૯ મૈલ છે.
પ્ર–પૃથ્વીની ધરી કેટલી લાંબી છે.
ઉ–આશરે ૭૯૨૫ મૈલ છે.

દિશાઓ.

પ્ર–દિશાઓ કેટલી અને કઇ કઇ છે ?
ઉ–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, અને દક્ષિણ; એ ચાર છે.
પ્ર–તે દિશાઓ કેમ જાણવી ?
ઉ–જે તરફ સૂરજ ઉગે છે, તેને ઉગમણી કે પૂર્વ દિશા, અને જે તરફ સૂરજ આથમે છે, તેને આથમણી કે પશ્ચિમ દિશા કહે છે. પૂર્વ દિશા તરફ મોડું કરી ઉભા રહીએ, તો ડાબા હાથ ભણી ઉત્તર, અને જમણા હાથ ભણી દક્ષિણ દિશા આવે છે.
પ્ર–ખુણા કેટલા છે, તેનાં નામ દો? અને તે કયાં કયાં આવેલા છે?
ઉ–ખુણા ચાર છે. અગ્નિ, નૈરૂત્ય, વાવ્ય, અને ઇશાન. પૂર્વ ને દક્ષિણ દિશા વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમની વચ્ચે નૈરૂત્ય, પશ્ચિમ ને ઉત્તરની વચ્ચે વાવ્ય, અને ઉત્તર ને પૂર્વની વચ્ચે ઇશાન ખુણો છે.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

પ્ર–પૃથ્વીના મોટા ભાગ કેટલા છે, તેનાં નામ દો?
ઉ–પૃથ્વીના મોટા ભાગ બે છે, પૂર્વ ગોળાર્ધમાં પૂર્વ મહા દ્વીપ અને પશ્ચિમ ગોળાર્ધમાં પશ્ચિમ મહાદ્વીપ.
પ્ર–પૂર્વ ગોળાર્ધમાં કયા કયા ખંડો આવેલા છે. ?
ઉ–યૂરોપ એશીઆ, આફ્રિકા, અને આસ્ટ્રેલિયા એ ચાર ખંડો છે તેમાં આફ્રિકાને આસ્ટ્રેલિયા એ બે બેટ છે.
પ્ર–પશ્ચિમ ગોળાર્ધમાં કેટલા ખંડો છે ?
ઉ–એકજ અમેરિકા ખંડ આવેલો છે
પ્ર—ખંડ કોને કહે છે ?
ઉ–જેમાં ઘણા દેશ આવેલા હોય, એવા જમીનના મોટા ભાગને ખંડ કહે છે.
પ્ર–બેટ કોને કહે છે?
ઉ–જમીનનો જે ભાગ ચોતરફ પાણીથી વીંટાયલો હોય, તેને દ્વીપ

કે બેટ અથવા ટાપુ કહે છે.

પ્ર-દ્વીપકલ્પ કોને કહે છે?

ઉ-જમીનનો જે ભાગ ત્રણ તરફ પાણીથી વીંટાએલો તથા એક તરફ જમીનથી સંધાએલો હોય તેને દ્વીપકલ્પ કહે છે.

પ્ર-સંયોગીભૂમી કોને કહે છે?

ઉ-જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે છે, તેને સંયોગીભૂમિ કહે છે.

પ્ર-ભૂશિર કોને કહે છે?

ઉ-જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને ભૂશિર અથવા ભૂશાખા કહે છે.

પ્ર-પર્વત તથા ડુંગર કોને કહે છે?

ઉ-જમીન ઉપર જે ભાગ થોડો ઊંચો હોય, તેને ડુંગર અથવા પહાડ કહે છે, પણ એવા ટેકરા સંધાઇને ઘણા ગાઉ સુધી લાંબા જાય છે તેને પર્વત કહે છે.

પ્ર-ખીણ કોને કહે છે?

ઉ-ડુંગર કે પર્વતની વચમાં નિચાણનો પ્રદેશ હોય, તેને ખીણ કહેછે.

પ્ર-મેદાન કોને કહે છે? તથા ઉચ્ચ પ્રદેશ એટલે શું?

ઉ-સપાટ જમીનના વિશાળ ભાગને મેદાન કહે છે; તથા પર્વત ઉપર આવેલા સપાટ મેદાનને ઉચ્ચ પ્રદેશ કહે છે.

પ્ર-જળક્ષેપ પ્રદેશ કોને કહે છે?

ઉ-જે ઊંચી જગાએથી જૂદી જૂદી દિશાઓમાં પાણી વહે છે,તે ને જળક્ષેપ પ્રદેશ કહે છે.

પાણીના ભાગની વ્યાખ્યા.

પ્ર-મહાસાગર એટલે શું?

ઉ-પૃથ્વી ઉપરના ખારા પાણીના પાંચ ભાગ કર્યા છે, તેમાંના દરેકને મહાસાગર કહે છે.

પ્ર-સમુદ્ર કોને કહે છે?

ઉ-ખારાપાણીનો જમીનને લગતો, જે ભાગ મહાસાગર કરતાં નાનો હોય, તેને સમુદ્ર કે સાગર કહે છે.

પ્ર-અખાત કોને કહે છે?

ઉ-સમુદ્રનો જે ભાગ જમીન ઉપર લાંબો ગએલો હોય એટલે ઘણે ભાગે જમીનથી ઘેરાએલો હોય તેને અખાત કહે છે.

પ્ર–ઉપસાગર કોને કહેછે?

ઉ–અખાતનું મોં પહોળું હોય, તેને ઉપસાગર કહે છે.

પ્ર–સામુદ્રધુની કોને કહેછે?

ઉ–બે પાણીના મોટા ભાગને પાણીનો જે નાનો ભાગ સાંધે છે તેને સામુદ્રધુની કહે છે.

પ્ર–સરોવર કોને કહે છે?

ઉ–ચારે તરફ જમીનથી વીંટાયલા પાણીના ભાગને સરોવર કહે છે. નાનો હોયતો તળાવ કહે છે.

પ્ર–નદી કોને કહે છે?

ઉ–મીઠા પાણીનો જે પ્રવાહ ડુંગર કે સરોવરમાંથી નીકળી, ઢળતી જગામાં થઇને સમુદ્રને ગળે છે, તેને નદી કહે છે.

પ્ર–નદીનું મૂળ તથા મુખ કોને કહે છે?

ઉ–જે જગાએથી નદી નીકળે છે તે જગાને તેનું મૂળ કહે છે; અને જે જગાએ સમુદ્રને મળે છે, તે જગાને તેનુ મૂખ કહે છે.

પ્ર–ખાંડી કોને કહે છે?

ઉ–સમુદ્રને ગળતા પહેલાં ભરતીનું પાણી ગાંહે આવે એવું જે નદીનું મુખ પોહોળું હોવ છે, તેને ખાડી કહે છે.

પ્ર–બંદર કોને કહે છે?

ઉ–જે ગામ દરિઆ કિનારે હોય, ને જ્યાં વહાણોની આવજાવ થતી હોય તેને બંદર કહે છે.

પ્ર–સગમ કોને કહે છે?

ઉ–બે નદીઓનાં જળ એકઠાં થતાં હોય તેને; અગર નદીનું જળ સમુદ્રને જ્યાં મળતું હોય, તેને સંગમ કહે છે.

પ્ર–રણ કોને કહે છે?

ઉ–ઘણા ગાઉમાં રેતી હોય, અને ઝાડ પાણી જવલ્લે હોય, તેવી જગોને અથવા થોડી મુદત ખારા પાણીથી ભરાઇ જાય, તેને રણ કહે છે.

પ્રકરણ ૨ જું.

કચ્છનું સામાન્ય વર્ણન.

પ્ર–કચ્છ પ્રાંતની મર્યાદા બોલો?

ઉ–ઉત્તરે, પૂર્વે અને અગ્નિ કોણમાં રણ આવેલુંછે. દક્ષિણ અને નૈઋત્યે કચ્છનો અખાત તથા આરબી સમુદ્ર આવેલાં છે, અને પશ્ચિમ તથા વાયવ્ય દિશાએ સિંધુ નદીની કોરી નામે પૂર્વ શાખા અને રણ આવેલું છે

પ્ર–કચ્છના સ્વભાવિક કેટલા વિભાગ છે તેનાં નામ દો?

ઉ–સ્વાભાવિક ૧૬ વિભાગ છે. તેને પરગણાં કહે છે. તેનાં નામ–પાવર, ગિયાણી, બન્ની, પચ્છમ, ખડીર, પ્રાંથળ, વાગડ, અંજારચોવીશી, ભૂજચોવીશી, હાલાચોવીશી, કાંઠી, મોડાસો, અબડાસો, કંડ, ગરડો અને માક એ સોળ પરગણા છે.

પ્ર–રાજકીય કામો સારૂ કેટલા ભાગ પાડયા છે તેનાં નામ દો?

ઉ–રાજ્યકાર્ય વાસ્તે ૮ ભાગ પાડયા છે, તેને તાલુકા કહે છે. તેના નામ–રાપર, ભચાઉ, અંજાર, ભુજ, મુંદ્રા, માંડવી, અબડાસો, અને લખપત એ આઠ તાલુકા છે

પ્ર–રાપર તાલુકાનું થાણું તથા મુખ્ય ગામ બોલો?

ઉ–રાપર તાલુકાના પેટામાં ખડીર થાણું છે. તેનાં ગામો–રાપર, પલાંસવા, મોવાણા, ફતેગઢ, રવ, આડેસર. ગેડી, બીમાસર, કીડીઆનગર, ચિત્રોડ, સણવા, જાટાવાડા, ગાગોદર, સઈભ્મોરપર લોદ્રાણી, મૌઆણું નંદો, કુડાનગેર. રામવાવ, બહાદરગઢ, ધાણીથળ, ગઢડો, દેસલપર અને બાલાસર.

પ્ર–ભચાઉ તાલુકાના ગામ બોલો?

ઉ–ભચાઉ, ચોબારી વોંધ, મનફરો, લાકડીઉં, આધોઇ, વાંઢીઉ, શિકારપુર, અને રીકરા અને કંથકોટ.

પ્ર–અંજાર તાલુકાનાં ગામ બોલો?

ઉ–અંજાર, તૂણાબંદર, દુધઇ, ખેડોઇ, વરસામેડી, ખારી રોહર, ગળપાદર, ભુવડ, નાગલપર, કુંભારીઆ, ટપ્પર, સીણુગ્ર, અંતરજાળ, કીડાણું અને ભીમાસર.

પ્ર–ભુજ તાલુકાનાં પેટાનું થાણું તથા મુખ્ય ગામ બોલો?

ઉ–ભુજ તાલુકાના પેટામાં ખડીર થાણું છે. તેનાં ગામો–ભુજનગર માનકૂવો, માધાપર, પદ્ધર, બારાપર, ખાવડો, લોડાઇ, કેરો, રેહા અને બળધીઓ.

પ્ર–મુંદ્રા, તાલુકાનાં ગામ બોલો?

ઉ–મુંદ્રા, ભદ્રેશ્વર, ભુજપર, ગુંદાળા, દેસલપર, બેરાજા, સમાઘોઘા,

ગુરપર, મોટો કાંડાગરો, પત્રી, કપાયા, વડાલા, અ રતાડીઆને.

પ્ર–માંડવી તાલુકાનાં ગામ બોલો?

ઉ–માંડવી બંદર, ગુંદીઆળી, બિદડા, કોડાય, મોથરા, કોટડી, સાભરાઈ, બાડા, લાયજા, નાગ્રેચા, આસંબીઆ, ફરાદી, મદસીસો અને ગઢ

પ્ર–અબડાસા તાલુકાનું થાણું તથા મુખ્ય ગામ બોલો?

ઉ–અબડાસા તાલુકાના પેટામાં નળત્રાણા થાણું છે. તેના ગામો–જખૌ, બિટ્ટા, નળત્રાણા, નેત્રા, વીરાણી, મંગવાણું, ખોંભડી, નળીઆ, કોઠારા, તેરા, સુથરી, ગોધાળા, રાંધાણ, વિંઝાણ મજલ, ગેહા, નીરાણા, બિબ્બર, ડુગરા, અંગીઆ, અને કોટડો.

પ્ર–લખપત તાલુકાના ગામ બોલો?

ઉ–લખપત, કોટેશ્વર, નારાયણસર, માતાનોમઢ, પિપ્પર, ગૂઅર, મેરમોઢી, વાઈગોર, અને ઘોલાઈ.

પ્ર–કચ્છની લંબાઈ પહોળાઈ કેટલી છે?

ઉ–ઘણામાં ઘણી લંબાઈ ૧૭૦ મૈલ અને ઘણામાં ઘણી પહોળાઈ ૫૦ મૈલ છે. પણ એક ઠેકાણે તો માત્ર ૧૫ મૈલ પહોળાઈ છે

પ્ર–કચ્છનો વિસ્તાર કેટલા ચોરસ મૈલ છે, તથા તેમાં ગામો ને વસ્તી કેટલી છે?

ઉ–રણ બાદ કરતાં કચ્છનો વિસ્તાર ૬૫૦૦ ચોરસ મૈલ છે, અને રણનો વિસ્તાર ૯૦૦૦ ચોરસ મૈલ છે. તેમાં ૮૮૭ ગામ તથા ઈ. સ. ૧૮૮૧ ની આબાદી પ્રમાણે ૫૧૨૦૮૪ માણસની વસ્તી છે.

પ્ર–કચ્છનો આકાર કેવો છે?

ઉ–લાંબા વાંકા તુંબડા જેવો અથવા મછવા જેવો છે.

પ્ર–કચ્છનું રાજ્યધાનીનું શેહેર કયું?

ઉ–ભુજનગર.

પ્ર–કચ્છનાં મુખ્ય બંદરનાં નામ દો?

ઉ–માંડવી, મુંદ્રા, તુણા, ખારીરોહર, જખૌ, કોટેશ્વર અને લખપત એ સાત બંદર છે.

પ્ર–સૌથી મોટું બંદર કયું?

ઉ–માંડવી બંદર.

પ્ર–મુખ્ય દ્વીપકલ્પનાં નામ આપો?

ઉ–બની, વાગડ, ને પ્રાતળ.

પ્ર—બેટ કે ટાપુ બોલો અને તે ક્યાં ક્યાં છે?

ઉ—કેટલાક ટાપુ રણમાં છે, અને કેટલાક દરિઆ કિનારા પાસે છે. રણમાં—પશ્ચમ, ખડીર, કુંઆરી, ગંગારા, ગોણીઆદો, (ર) બનિઆર, ધંધલા અને લાકડા બેટ. એ બધા રણમાં છે. દરિઆ કિનારાના જખૌ પાસે આડોધક, લૂણુ કે ધ્રગડ, જોગી થરો કે વીર શેખરાન, પીરહાજી ઇબ્રામટાપુ, લાણાવાણ ખેરલો, ચબડી, સપથરો, બગથરો ઇત્યાદિ. માંડવી સામે રણવરો ખડક. અને નવી નાળ સામે સોનારદડી ખડકનો સમુદાય એ બધા દરિઆમાં છે.

પ્ર—ભૂશિરો બોલો?

ઉ—નવીનાળ ગિં દુ.કનખોર્ડ ભૂશિર, અને જખૌ આગળ લૂણાની ભૂશિર.

પ્ર—પર્વતોની ધાર મુખ્ય કેટલી અને ક્યાં ક્યાં છે?

ઉ—મુખ્ય ત્રણ ધાર છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ. તેમાં ઉત્તર-ધાર પચ્છમ, ખડીર અને પ્રાંથળમાં થઈને જાયછે. મધ્યધાર, કચ્છના ઉત્તર કિનારા તરફ રણપર પૂર્વ પશ્ચિમ આવેલી છે. અને દક્ષિણ ધાર ઘણું કરી કચ્છના મધ્ય ભાગમાં છે.

પ્ર—ઉત્તર ધારના ડુંગરા બોલો?

ઉ—કાળો, રાયમલનો, ખડીઓ, ભાંજડો, લક્કી, ધોળો, નીલવો ને મોઆણીઓ.

પ્ર—મધ્ય ધારનાં ડુંગરનાં નામ દો?

ઉ—જોગીડા ભીટ, ઝારો, કીરો, કરાકાસમ, ધીણોધર, વારાર, ઝુરો, હબાય અને કાસના ડુંગર બોલો?

ઉ—રોહાનો ડુંગર, નનામો, ધ્રબવો, ચાડવા, લક્કી, ખાત્રોડ, ધોળા વગેરે મઢ પાસેથી એક ધાર પશ્ચિમે ગોધાતડ સુધી જાયછે અને ...ડાને સંધાતી એકધાર સીસાગઢ પાસે ચિત્રાણો કહેવાય છે.

પ્ર—જવાળામુખી પર્વત બોલો?

ઉ—હાલમાં કોઈ જવાળામુખી નથી, પણ અગાઉ ધીણોધર, લેકા, મઢ પાસેની ડુંગરી, નનામો, ધોળો વગેરે હતા.

પ્ર—કચ્છની નંદીઓ કઇ દિશામાં વહે છે?

ઉ—કેટલીક ઉત્તર તરફ અને કેટલીક દક્ષિણ તરફ વહેનારી છે.

પ્ર—ઉત્તર તરફ વહેનારી નદીઓનાં નામ આપો. અને તે ક્યાંથી નીકળી કોને મળે છે તે પણ બોલો?

ઉ–ખારી, સારણ, જુરણવાળી, સામત્રાવાળી, ઘુડુડ અથવા નીરોણા- વાળી, ભૂખી, ડોણવાળી, નેત્રાવાળી, કાળી, કપુરાસીવાળી.

૧ खारी–ચાવડામાંથી નીકળી, ભારાપર, માન કુઆ, કલ્યાણપર અને રૂદ્રાણી માતાના દેવળ પાસેથી થઇ, સુમરાસર આગળ રણમાં પડે છે.

૨ सारण–ચિત્રાની ધાર પાસેથી નીકળી ભુજપર, દુધે અને ધમ- ડકા પાસે થઇ રણમાં પડે છે.

૩ जुरणवाळी–ધાણેટીના ડુંગરમાંથી નીકળી જુરણ પાસે રણ- માં પડે છે

૪ सामंत्रावाळी–ચાવડામાં વાડા પાસેથી નીકળી, સામત્રા અને બાઉખા પાસે થઇ જુરા આગળ રણમાં પડે છે.

૫ घुडुड અથવા निरोणावाळी–રોઝવા આગળ ગોરગર પાસેથી નીકળી કકડબિટ અને થરાઉડા પાસે થઇ નીરોણા આગળ રણમાં મળે છે.

૬ भूखी–અંગીઆ નજીક વીથોણીઆમાંથી નીકળી ધીણોધર પા સે રણમાં મળે છે.

૭ घूडुड અથવા डोणवाळी–ઉધલડી, ગુતરા, ને ડોણ પાસે થઇ છારી આગળ રણમાં પડે છે.

૮ नेत्रावाळी–નેત્રા પાસેના ડુંગરમાંથી નીકળી નડાપાને ગ- જણસર આગળ થઇ રણમાં પડે છે.

૯ काळी–સાનંધ્રા પાસેના ડુંગરમાંથી નીકળી પાનંધ્રો, બેઆ વા અને ઢેઢાપર પાસે થઇ કોરીને મળે છે.

૧૦ कपुरासीवाळी–સુરી સુરીના ડુંગરમાંથી નીકળી નરેડી, કૈઆળી અને કપુરાસી પાસે થઇ કોરીમાં પડે છે.

પ્ર–દક્ષિણ તરફ વહેનારી નદીઓ બોલો ? તે ક્યાંથી નીકળી ક્યાં પડેછે?

ઉ રૂકમાવતી, ખગોડ, સાઇ, કનકાવતી, નાયરો, રાણીઆરો, તેરાવાળી, ચરોપડીવાળી, અને ભૂખી

૧ रुकमावती–અથવા खारी–ચાવડામાંથી નીકળી, કુરબીના બોઇ નમથડા, રામપર, કોજાચોરા, કુડા, રીઆણ, અને ઢી-

૮ આગળ થઈ માંડવીની ખાડીમાં પડે છે.

૨ **खरोडा**—ન નામાની દક્ષિણુ ધારમાંથી નીકળી કુરબી, સી સાગઢ, ગોધરા, લાયજા અને આસાર આગળ થઇ, કચ્છના અખાતને મળે છે.

૩ **साइ**—ચિત્રાણુામાં ચિઆસર આગળથી નીકળી, સાભરાઇ પાસે થઈ, બાંભણાઇ આગળ કચ્છના અખાતને મળે છે.

૪ **कनकावती**—રોઝલાના ડુંગર પાસેથી નીકળી નાંદરા, તુંબા- તડ, હાજાપર, વીંઝાણુ અને સાધાણુ આગળ કચ્છના અ- ખાતને મળે છે.

૫ **नायरो**—કુન્દ્રા આગળથી નીકળી ભવાનીપુર, રવા, ભાચુંડા, સાંધા, કોઠાર અને રાપર આગળ થઇ, અરબી સમુદ્રને મળેછે.

૬ **राणयारो**—કાળા તળાવ પાસેથી નીકળી, નળીઆ પાસે થ ઇ જખૌની ખાડીમાં પડે છે.

૭ **तेरावाळी**—વમોટી પાસેના ડુંગરમાંથી નીકળી બિટ્ટા, છુરી, તેરા, રામપર, છસરા પાસે થઇ જખૌની ખાડીમાં પડે છે. તેમાં મઢવાળા, બાડીઆવાળા, ભાડરાવાળા અને લાખણીઆ- વાળા છેલા મળે છે.

૮ **चरोपडीवाळी**—સારણ પાસેના ડુંગરમાંથી નીકળી વીગોર, વાઘોટ, ચરોપડી અને મુઆરી પાસે થઇ જખૌની ખાડીમાં પડેછે

૯ **भूखी**—ચકાર પાસે ધોળાગાંથી નીકળી વાંકી, પત્રી વચ્ચે તપા લાખાપર અને મઆ પાસે થઇ, મુંદરાની ખાડીમાં પડે છે. તેને ચકાર આગળ **नेरण** નદી કહે છે.

મુખ્ય સરોવર એટલે તળાવનાં નામ આપો ?

ઉ—કચ્છમાં મોટું સરોવર એક નથી. કેટલેક ઠેકાણે પાણી સારુ ત- ળાવો કરેલાં છે. તેમાં મુખ્યનાં નામ-ચાડવા ડુંગરમાં પ્રાગસર, ભુજમાં હમીરસર, અંજારમાં સિદ્ધસર, અંજારથી થેડે છેટે ની ગાળનું ડુંગર ઉપર શીણાયનું, ભીમાસર પાસે ચકાસર અને મુ દ્રામાં જેરામસર તળાવ છે.

પ્ર કચ્છના રણુ વિષે ટુંક હકીકત બોલો ?

ઉ—કચ્છની વાવ્ય, ઉત્તર અને ઇશાન કોણમાં રણુ છે. ચૈતર વૈશા-

કમાં ઘણા પવનથી તેમાં કચ્છના અખાતનું તથા કોરી નદી વાટે સમુદ્રનું પાણી ભરાય છે. બનાસ અને લુણી નદીમાં પૂર આવે છે; તેનું પાણી પણ રણમાં ભરાય છે; તેથી ચોમાસામાં રણનો દેખાવ સમુદ્ર જેવો થાય છે. એ વખતે રણમાંથી ચલાતું નથી, પણ પાણી સુકાઈ ગયા પછી રસ્તો થાય છે. રણમાંથી ખોદતાં વાહાણનાં જુનાં લાકડાં વગેરે મળી આવ્યાં છે, તેથી અનુમાન થાય છે કે અસલ ત્યાં મોટો સમુદ્ર હશે.

પ્ર—કચ્છની જમીન કેવા પ્રકારની છે?

ઉ—તેના ચાર ભાગ કરતાં આસરે એક ભાગ રેતાળ, દોઢ ભાગ ખારાડુ, અડધો ભાગ સારી જાતની અને એક ભાગ ડુંગરવાળી છે.

પ્ર—આ પ્રાંતમાં વરસાદ કેવો પડે છે? તથા ખેતીની સ્થિતિ કેવી છે?

ઉ—બીજા પ્રાંતો સાથે સરખાવતાં ઘણો થોડો વરસે છે પણ જમીન એવી છે, કે થોડા વરસાદથી પણ પાક ઉતરે છે. કાંઠી તથા અબડાસાના લોક ખેતી ઉપર સારી મેહેનત લેછે, પણ કેટલાક ભાગના લોકો તો મેહેનત લેતા નથી. વરસાદ આવવાનો હોય. ત્યારે ઉપરથી ખેડીને બી વાવી દેછે, તેથી પાક સારો થતો નથી.

પ્ર—કચ્છની પેદાસ બોલો?

ઉ—મગ, મઠ (કોરડ,) ગુઆર, જુવાર, ઘઊં, જવ, બાજરો, ચોળા, નાગલી, ચણા, અડદ, છાસટીઓ, તલ, સરસીઆ, રાઇ, ચીણો વગેરે જાતનાં ધાન્ય થાય છે. રૂ, એરંડી, શેરડી, તમાકુ, ગુદર, ગૂગળ, તથા કેટલીક ઔષધી થાય છે. ખારેક, આંબા, દાડમ જાંગફળ, દરાખ, કેળાં, લીંબુ, ચીભડાં, અને સીતાફળ વગેરે ફળ થાયછે.

પ્ર—કચ્છમાં કઈ કઈ જાતનાં ઝાડ ઉગે છે?

ઉ—આંબલી, લીંબડો, બાવળ, વડ, પીપળા પીપળી, ખાખરો પીલુડેજાળ, ખેર, બોરડી, ખીજડી, અને ખીજડા, બળતણ સારૂ દરિયામાં ચેરિઆં થાયછે. ડુંગરોમાં ખડ બહુ થાય છે.

પ્ર—ખનિજ એટલે ખાણમાંથી કયા કયા પદાર્થો નીકળે છે?

ઉ—કોલસા, સિંદુર, ફટકડી, સુવર્ણમુખી, સુરોખાર, મીઠું, જાત જાતના ઇમારતમાં શોભે એવા પથ્થર, ગેરૂ, કાથો, ખડી, પાપડખાર આશાપુરી ધૂપ, ચીરોડી વગેરે.

પ્ર—કચ્છની હવા કેવી છે?

ઉ-ઘણુંકરી શરીરને માફક આવે તેવી છે મધ્યભાગે ઉનાળામાં સખ્ત તાપ પડે છે; પણ કિનારા તરફ હવા થડી છે. ઓછામાં ઓછી ૫૮ અંશ અને વધારેમાં વધારે ૧૨૦ અંશ સુધી ગરમી પડે છે. થંડી ૩૩ અંશ સુધી પડે છે.

પ્ર-કચ્છમાં ભાષા કઇ બોલાય છે?

ઉ-કચ્છી અને ગુજરાતી, પણ લખવાની લિપિ ગુજરાતી છે.

પ્ર-કચ્છી ભાષા કઇ ભાષામાંથી નીકળી છે?

ઉ-સિંધી, ગુજરાતી અને મારવાડીમાંથી.

પ્ર-કચ્છમાં કઇકઇ જાતના લોકો વસે છે?

ઉ-બ્રાહ્મણ. તેમાં-સારસ્વત, પુષ્કરણા, રાજગર, ભાટ, ચારણ અને અતિતનો મોટો ભાગ છે; ને દેશી કહેવાય છે, અને નાગર, ઔદિચ્ય મોઢ, શ્રીમાળી, નંદવાણા, ગીરનારા વગેરે ગુજરા કહેવાયછે. ક્ષત્રીમાં મુખ્ય જાડેજા, વાઘેલા, સિંધલ, ગુજર, સોઢા, વગેરે રજપૂતો છે. તથા ભાટીઆ, લુહાણા, કાયસ્થ, ભણસાળી, અને દેપાળા વગેરે છે. વૈશ્યમાં, મોઢ, મેસરી, સોરઠીઆ, ઓસવાળ, સોની, શ્રીમાળી અને વાયડા વગેરે તથા કણબી છે. શુદ્રમાં, ખવાસ, આયર, રબારી, ભરવાડ, કોળી, લાઘેર, મેઘવાળ વગેરે છે. મુસલમાનોમાં સૈયદ, મુગલ. પઠાણ, સમા, શેખ, સિંધી, મિઆણા, મેમણ, ખોજા, વોરા, ખત્રી. ઢાઢી, લંઘા વગેરે છે.

પ્ર-એ લોકો કયો ધર્મ પાળે છે

ઉ-હિંદુઓ વેદધર્મ તથા જૈનધર્મ વગેરે માનેછે; મુસલમાનો મહમદ પેગંબરના ધર્મને માને છે.

પ્ર-હુનરી બનાવટ શીશી થાય છે.

રેશમી. સુતરાઉ તથા ઉનનું કાપડ-અતલસ, મશરૂ, જોડી, મોંદીયું, સિંધણી. પાણકોરૂં, રંગબેરંગી છાપેલું કાપડ, કામળા, સોના રૂપા ઉપર ચિત્રકામ, હથિઆર, ઢાલ, માટી પથ્થર, અને ધાતુનાં ઠામ; સુરોખાર, ફટકડી અને મીઠું થાય છે.

પ્ર-અહીંના લોકો વેપાર વાસ્તે ક્યાં ક્યાં જાય છે?

ઉ-પાલી, સિંધ, કાઠીઆવાડ, સુરત, બિલીમોરા, વલસાડ, દમણ, દેણું, મુંબઇ, મલબાર. બંગાલા, સિલોન, માલદ્વીપ. મકરાન, ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, જંગબાર, મોઝાંબિક, અને સુફાલા વગેરે દેશોમાં જાય છે.

પ્ર–કચ્છમાંથી કઇ કઇ વસ્તુ પરદેશ ખાતે ચડે છે.

ઉ–અનાજ, કપાસ, ઉન, ફટકડી, મીઠું, ઘી, તેલ, છાપેલ કાપડ,સોના રૂપાનું નકશી કામ; ધાતુનાં વાસણ, માટી તથા પથ્થરના ઘાટ, ઢાલ, હાથીદાંત, લસણ, ધાણા, મેથી, રાઇ સરસવ, ઔષધી, ઘોડા, ઉંટ, બળદ, માટી, પથ્થર, હાડકાં, ચામડાં અને શીંગડાં.

પ્ર–કચ્છમાં કઇ કઇ વસ્તુ પરદેશથી આવે છે?

ઉ–વિલાયતી તથા ચીનાઇ કાપડ, અનાજ, ખાંડ, સાકર, ગોળ, ઘી, સોનું રૂપું, અફીણ, હાથીદાંત, ગેંડાના શીંગડાં અને ચામડાં,તમાકું તેજાના, કસુંબો, ઉન, ખજુર, ખારેક, નાળીએર, સાગ, સીસમનાં લાકડાં, મીણ, મધ, ઇત્યાદી.

પ્ર–આ દેશમાં મહારાજા ધિરાજ મિરજાં મહારાવશ્રી ખેંગારજી સવાઇ બહાદુર રાજ્ય કરે છે તેઓ જાડેજા રજપૂત છે. તેમના સર્વોપરીપણા નીચે ઘણા ભાયાતો તથા ગરાસીઆ છે. મુખ્ય અધિકારી દિવાન છે. તેના હાથ નીચે જૂદા જૂદા ખાતાના મુખ્ય અમલદારો છે.

ઇનસાફ ખાતાના મુખ્ય અમલદાર નીચે દરેક તાલૂકામાં એક ન્યાયાધીશ તથા થાણદારો છે, ન્યાયાધીશોની કોરટની અપીલ ભુજમાં વરિષ્ટ કોરટમાં સંભળાય છે. અને તે કોર્ટની અપીલ હજુરમાં સંભળાય છે.

રેવિન્યુ ખાતાનો મુખ્ય અમલદાર રેવિન્યુ કમિશનર છે,તેના હાથ નીચે દરેક તાલુકામાં અકેકો વહિવટદાર તેના હાથ નીચે દરેક ગામમાં મુખીઓ છે, તેઓ દરબારી ઉપજ વસુલ કરે છે.

પોલીસ ખાતાનો મુખ્ય અમલદાર પોલીસ કમિશનર છે, તેના હાથ નીચે દરેક તાલૂકામાં ફોજદાર નીમેલા છે, તેમના ખૂન, ધાડ, ચોરી તથા બીજા ઉપર દેખરેખ રહે છે.

કેળવણી ખાતાનો મુખ્ય અમલદાર એજ્યુકેશનલ ઇન્સ્પેકટર છે. તે આખા કચ્છના કેળવણી ખાતાની સંભાળ રાખે છે. હાલ ત્રણ સંસ્કૃત પાઠશાળા. એ ભાષાની પોશાળ, ત્રણ ઇંગ્રેજી સ્કુલો, એક હુન્નરશાળા, બાણુ ગુજરાતી નિશાળ, દસ નાઈટસ્કુલ, ચૌદ કન્યાશાળા અને એક ઉર્દૂ મદ્રેસા ગણી કુલ ૧૨૪ નિશાળો છે અને ૭૩૧૮ વિદ્યાર્થી ભણે છે.

જાહેર બાંધકામ ખાતાનો એક ઇંજીનિયર છે, તેના હાથ નીચે

ળાવરશીયર તથા મિસ્ત્રીઓ છે; તેઓ દેશમાં રસ્તા, તળાવ ધર્મશાળા વગેરે દરબારી નવાં મકાનો બાંધવામાં તજવીજ રાખે છે. એ શિવાય જંગલ ખાતાના તથા બીજા પણ અમલદારો છે.

તનદુરસ્તી ખાતાનો વડો અમલદાર ભૂજનો ડાકતર છે; તેના હાથ નીચે દરેક તાલુકામાં એકેક ડીસપેન્સરી તથા શીતળા ખાતાના અમલદારો છે.

ભૂજમાં અંગ્રેજ સરકારની છાવણી છે; તથા ખંડણી વસુલ કરવા પોલિટિકલ એજંટ રહે છે. બાંહેધરીવાળા ભયાતોની અપીલો સાંભળે છે. અને પરરાજ્યો સંબંધી કાગકાજ સારૂં તેની મારફત લખાણ થાય છે.

પ્રકરણ ૩ જું.

તાલુકા વાર વર્ણન.

रापर तालुका.

પ્ર—રાપર તાલુકાની હદ બોલો ?

ઊ—એની નૈઋત્યે ભચાઉ તાલુકો, અને બાકીની બાજુએ રણ આવેલું છે. એ પ્રાંથળ, ખડીર અને વાગડનો પૂર્વ તરફનો અર્ધ ભાગ મેળવીને કરેલો છે.

પ્ર—મુખ્ય ડુંગરના નામ આપો ?

ઊ—વિથરોઇઓ, રામવાવ વાળી ધાર, ચિત્રોડ વાળી, ધારી લકી, ગોરો, નિલનો મોઆણીઓ, ખડીઓ વગેરે.

પ્ર—નદીઓ અથવા છેલાના નામ આપો ?

ઊ—ટીવાડાવાળી, કાડી આ નગરવાળી, ધારો. માલણ ચુંપણી, બારી, ફાપડા, ચાનાર અને ખારઇવાળી.

પ્ર—આ તાલુકાનું મુખ્ય સ્હેર બોલો ?

ઉ—રાપર-એમાં દીવાની, ફોજદારી અદાલત વહીવટદાર કચેરી સ્કુલ; નાઇટ સ્કુલ કન્યાશાળા દવાખાનું ને ફોજદારી થાણું છે.

પ્ર—ડુંગરી કિલ્લા ક્યાં ક્યાં આવેલા છે ?

ઊ—કોટડો, સોભા, રેલ, ગઢડો ફતેગઢ, બાદરગઢ, રાપર, કાન, મેર, ચિત્રોડ ને ઉમૈયુ.

પ્ર—આ તાલુકામાં હુનરી સામાન શો શો બને છે?

ઉ—રાયપર ફતેગઢ અને બેલાનું મોદીયું, મોફાળ બોરી, પછેડી.અને બેલાના છાપેલા સાડલા, ધોતલી અને બોગીઆં બને છે.

પ્ર—આ તાલુકામાં ધર્મની જગાઓ કઇ કઇ છે. અને તે કયાં છે?

ઉ—પલાંસવાથી અઢીગાઉ વરણુપુર, લિથરીઆ ડુંગર ઉપર લિથરી. મહાદેવનું દેરૂં અને રમવાં રવેચી માતા.

પ્ર—મુખ્ય પેદાશ બોલો ?

ઉ—કપાસ, ગગ બાજરો, મઠ, ધઉં, તલ, ગુવાર, જુવાર, એરંડો, ને મીઠું, વગેરે અહીંના બળદ, ઉંટ ઘોડા, ગગ, અને કપાસ વખાણુવા લાયક હોવાથી પરદેશ જાય છે.

૨ भचाउ तालुको.

પ્ર—ભચાઉ તાલુકાની સીમા બોલો ?

ઉ—પૂર્વે અને ઇશાને રાપર તાલુકો, નૈઋત્યે અંજાર તાલુકો અને બાકીની દિશાએ રણુ આવેલું છે. તે વાગડ પરગણાના પશ્ચિમ તરફના અર્ધીભાગનો બન્યો છે.

પ્ર—આ તાલુકાના ડુંગરો બોલો ?

ઉ—લતાડો, ચિત્રધા, સાણુાનીધાર, કાળો, મોગાયો, કંથકોટ વાળો, ચોચો વિગેરે.

પ્ર—આ તાલુકાની નદી બોલો ?

ઉ—સારણુ, ખારી, ચાંગ. ખારો વાંઘો અથવા ગુપ્ત ગંગા.

પ્ર—આ તાલુકાના મુખ્ય ગામ વિષે હકીકત શું જાણો છો ?

ઉ—ભચાઉ એમાં એક ન્યાયાધીસ, વહિવટદાર, ફોજદાર રહે છે. તથા સ્કૂલ, નાઇટસ્કુલ, કન્યાશાળા, અને દવાખાનું છે. આ[illegible] મોરબી વાલાનું ગામ છે ?

પ્ર—ડુંગરી કિલ્લાં કયાં કયાં છે ?

ઉ—કંથકોટ અને ભચાઉ.

પ્ર—ધર્મની જગાઓ કઇ અને કયાં આવેલી છે ?

ઉ—કંથકોટમાં કંથડપીરની જગ્યા, શીકારા પાસે કામજરીઆ મહાદેવની જગા. વોધમાં જડેશ્વરનું દેરૂં અને લાકડીઆમાં લાકડીઆ પી-રની જગા.

પ્ર—મુખ્ય પેદાશ તથા હુનરી બનાવટ બોલો ?

ઉ—રાપર તાલુકા પ્રમાણે છે. લાકડીઉં, ભચાઉ વગેરે ઠેકાણે કસબી લુહારો તાળાં સારાં કરે છે.

३ अंजार तालुको.

પ્ર—આ તાલુકાની સીમા બોલો ?

ઉ—પૂર્વે ભચાઉ તાલુકો ને રણ, દક્ષિણે કચ્છનો અખાત ને મુંદ્રા તાલુકો, પશ્ચિમે મુંદ્રા ને ભુજ તાલુકો ને ઉત્તરે ભુજ તાલુકાનો બન્નીનો ભાગ છે. એ અંજાર ચોવીસી, ભૂવડ ચોવીસી, અને મીઆણીનો કંઈક ભાગ મળી બન્યો છે.

પ્ર—મુખ્ય ડુંગરના નામ દો ?

ઉ—ખાત્રાડે, ધોળો અને કાસ.

પ્ર—મુખ્ય નદીઓનાં નામ બોલો ?

ઉ—સારણ, ખારીરોહર, અને બોચી.

પ્ર—મુખ્ય ગામ વિશે હકીકત બોલો ?

ઉ—અંજાર એ સંવત ૧૬૦૨ માં રાવશ્રી ખેંગારજીએ આબાદ કર્યું, એમાં એક ન્યાયાધીશ વહીવટદાર અને ફોજદાર રહે છે. તથા સ્કુલ, નાઈટસ્કુલ, કન્યાશાળા, પુસ્તકશાળા, હસ્પિતાલ અને શાહેર સુધરાઈખાતું છે. ટીંબી કોઠો તથા મંદિરો વગેરે જોવા લાયક છે.

પ્ર—ધર્મની જગા કઇ છે અને કયાં છે ?

ઉ—લાખાપરમાં રામદેવ પીર, અંજાર પાસે કુબર પીર, જાગણી નાળ પાસે જોગણી માતાનું તથા મહાદેવનું દેરૂં છે. અને નાગલપરમાં હુસેનઅલી પીરની જગા છે.

પ્ર—હુનરી બનાવટ બોલો ?

[illegible]રાઉ વણાટ, લોઢા કામ, રંગાટ, ત્રાંબા પીતળના ઘાટ, ચપ્પુ, છરી, કાતર, અસ્ત્રા, તથા ગાડાં વગેરે.

પ્ર—મુખ્ય પેદાશ કહો ?

ઉ—કપાસ, બાજરી, જુવાર, ઘઉં, મગ મઠ, એરંડી, તલ, શેરડી, મેવો ને શાક ભાજી.

४ भुज तालुको.

પ્ર—ભુજ તાલુકાની હદ બોલો ?

ઉ—પૂર્વે અંજાર તાલુકો, દક્ષિણે મુંદ્રા અને માંડવી તાલુકો, પશ્ચિમે,

નખાત્રાણા માણું, ઉત્તરે રણ છે. તે પાવર, મીઆણી, બીન- અને માક પરગણાના ભાગો મેળવી કર્યો છે.

પ્ર–આ તાલુકાના ડુંગરોનાં નામ દો ?

ઉ–ભુજીઓ, વારાર, આરોડો, વિછિયો, ઝુરો, લક્ષી, ચાડવા, હબાય ખાત્રોડ, ધોળો, પચ્છમાઇ; ગોરો અને કાળો.

પ્ર–આ તાલુકામાં આવેલી નદીઓ બોલો ?

ઉ–ખારી, પાટ, ભીરૈયો, ખારોવો, કાયલો, ભીરંડીયાળો, નીરોણા વાળી અને ઝુરણવાળી.

પ્ર–મુખ્ય ગામ સંબંધી જાણવા જોગ હકીકત બોલો ?

ઉ–ભૂજ એ આ તાલુકાનું તેમ આખા કચ્છમાં પ્રાંતનું મુખ્ય શહેર છે. એ સં. ૧૬૦૫ માં મહારાવશ્રી ૧ લા ખેંગારજીએ બંધાવ્યું છે. આસપાસ જબરો કિલ્લો છે તેને ૬ દરવાજા છે તથા તેની અંદર એક દરબાર ગઢ અને તેમાં આગલા રાયશ્રીના મહેલોછે; તેમાં પ્રાગ મેહેલ (મોહોલાત) તથા આયના મેહેલ બહુ વખાણુ- વા લાયક છે. શેહેરમાં ગુજરાતી ત્રણ નિશાળો, આર્ટસ્કુલ, કન્યા- શાળા ભાવાની પાયાળ મહારાણીશ્રી નાનીબા સંસ્કૃત પાઠશાળા, રાત્રીશાળા, ઊર્દુ અને અરબ્બી મદ્રેસા, નવી તુરંગ, હાથીથાન, ઘોડાર. હાસ્પિતાલ, ટંકશાળ, દ્વારકાનાથનું મંદિર તથા મહમદ પનાહની મસીદ વગેરે છે. નાકા બાહાર આલફ્રેડ હાયસ્કુલ, એં- ગ્લોવર્નાકયુલર સ્કૂલ, લાયબ્રેરી, પબ્લિક પાર્ક, નજરબાગ, હમીર- સર તળાવ, કલ્યાણેશ્વરાદિ મંદિરો, પોષ્ટ ઓફીસ, સાહેબનો બંગલો, હુન્નરશાળા, શરદબાગ, ખારીવાડી તથા બીજા તળાવ અને મકાનો તથા વાડીઓ સુંદર છે. શેહેરથી હવે અર્ધો– ઊપર ભુજીઓ નામનો ૫૦૦ ફુટ ઊંચો ડુંગરી કિલ્લો છે, તેની નૈરુતે અંગ્રેજી લશ્કરની છાવણી તથા બજાર છે.

પ્ર–ડુંગરી કિલ્લા બોલો ?

ઉ–ભૂજીઓ, અણગોર ગઢ, બોલાડી ગડ રાયગલરા અને કલ્યાણપર

પ્ર–ધર્મની જગા કઇ કઇ છે?

ઉ–રૂદ્રાણીમાતા, ધીણોધરમાં ધોરમનાથની જગા, બડલીમાં ગરીબ નાથ, ઓરીરામાં મીયાં તમાચી, ભુજીઆ ઉપર ભુજંગનાથ, ભુજ પાસે પીરાનપીર, બન્નીમાં હાજીપીર, પચ્છમમાં પચ્છમાઇ પીર

હબામાં હબાય માતા, કેરામાં ગુલામઅલીશાહની જગા વગેરે.

પ્ર–હુન્નરી માલ શો શો બને છે?

ઉ–સુતરાઉ વણાટનું કાપડ, ઉનના ધાબળા; સોના રૂપાનું નકશી કામ, રેશમી ભરત, સુડી, ચાકુ, તરવાર, જંબિયા, બંદૂક, ગેંડાની ઢાલ વગેરે.

પ્ર–મુખ્ય પેદાશ કહો?

ઉ–બાજરી, મગ, મઠ, ઘઉં જવ, કપાસ, રતડ, ગુવાર, એરંડી વગેરે. હબા વગેરે ડુંગરોમાં આરસપાણ સારો થાય છે.

६ मुंद्रा तालुको.

પ્ર–આ તાલુકાની હદ બોલો ?

ઉ–ઈશાને અંજાર તાલુકો, દક્ષિણે અને પૂર્વે કચ્છનો અખાત. પશ્ચિમે માંડવી તાલુકો અને ઉત્તરે ભુજ તાલુકો છે. એ હાલાચોવીસી ને કાંઠાનો કેટલોક ભાગ મળી થએલો છે.

પ્ર–મુખ્ય ડુંગરો બોલો ?

ઉ–એમાં માત્ર ધોળા ડુંગરની હાર આવેલી છે.

પ્ર–આ તાલુકાની નદીઓ બોલો ?

ઉ–બોચી, સાકરી એ ભદ્રેસરની નાળમાં પડે છે, ભદ્રેસર પાસે બીજા બે છેલા તેને મળે છે. ત્યાં ત્રવેણી કહેવાય છે. ભુખી અથવા નેરણ એના મુંદ્રા આગળ બે ફાંટા થાય છે. તેમાંના એકને કેવડી કહે છે. એ શિવાય ફોટ અને નાગમતી વગેરે છે.

પ્ર–મુખ્ય શેહેર વિશે શું જાણો છો ?

ઉ– મુંદરા બંદર. એમાં દરબારી મેહેલ; દીવાની, ફોજદારી અને માલકાઝની અદાલત તથા વહીવટદારની કચેરી. પોલીસનું થાણું શેહેર સુધરાઈ ખાતું, સ્કુલ, નાઇટસ્કુલ, કન્યાશાળા, ખોજા સ્કુલ પુસ્તકશાળા, ઈસ્પિતાલ અને જૈન સંસ્કૃત પાઠશાળા છે. કિલ્લા બહાર જે રામસર તળાવ, ધર્મશાળાઓ તથા બંદર ઉપર ફુરજો બાંધેલો છે.

પ્ર–ધર્મની જગા બોલો.

ઉ–મુંદ્રા તથા ભદ્રેસરમાં જૈન મંદિરો, મુદરામાં ભીડભંજન મહાદેવ તથા શાહમુરાદ પીરની જગા વગેરે છે.

પ્ર–હુનરી બનાવ શું શું થાય છે ?

ઉ– છાપેલાં છાયલ, સીરખ, ધોતલી, રૂમાલ, છીંટ, કાળું કાપડ, બંદુક તારા અને સુતરાઉ કાપડ બને છે.

પ્ર–મુખ્ય ઉપજ બોલો ?

ઉ–ઊન, કપાસ, બાજરો, જુવાર, ઘઉં, મગ, મઠ, નાગલી; ગુવાર, ચોળા, બંટી, કાંગ, ચીણો, શેરડી, એરંડી તલ, લસણ રાઈ, સરસીઆ, મેથી, ધાણા, આંબા, કેળાં જાંબુ વગેરે.

६ मांडवी तालुको.

પ્ર–એની સીમા બોલો.

ઉ–એની પૂર્વે મુંદ્રા તાલુકો. દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે અબડાસો. અને ઉત્તરે નખત્રાણા થાણું તથા ભુજ તાલુકો છે. એ કાંઠીનો પશ્ચિમભાગ, મોડાસો અને ગાકનો કંઈક ભાગ મેળવી થયો છે.

પ્ર–આ તાલુકાના ડુંગરો બોલો ?

ઉ–નિત્રાણાનો પૂર્વ ભાગ છે

પ્ર–નદીઓનાં નામ આપો ?

ઉ–ખારી, રૂકમાવતી, ખરોડ, વિંગડી અથવા ઉકરી, સાઇ વગેરે.

પ્ર–મુખ્ય શેહેરની હકીકત બોલો ?

ઉ–માંડવી બંદર એ આખા કચ્છમાં વધારે વસ્તીવાળું અને સૌથી મોટું શેહેર છે. એ સં. ૧૬૩૫ માં રાવશ્રી ખેંગારજીના વખતમાં ઠા. ટોપણે વસાવ્યું. એમાં દિવાની ફોજદારી અદાલત, વહિવટદારની કચેરી ને સ્માલકાજ કોર્ટ છે. તથા અંગ્રેજી સ્કુલ ત્રણ ગુજરાતી નિશાળ, નાઇટસ્કુલ, બે કન્યાશાળા પુસ્તક– સંસ્કૃત પાઠશાળા, બે ઇસ્પીતાલ, હોડીઓ કોઠો, તુરંગ, માર્કીટ, બ્રહ્મપુરી, અતીતોના મઠ. ધર્મશાળાઓ અને તળાવ છે.

પ્ર–ડુંગરી કિલ્લાનાં નામ દો ?

ઉ–ગુણીઆસર. આસંબીઓ, ગઢ શીશો અને કોટડી.

પ્ર–ધર્મની જગનાં નામ દો ?

ઉ–માંડવીમાં સુંદર વરનું દેહળ કલ્યાણેશ્વર રામેશ્વર ને લક્ષ્મી નારાયણનાં મંદિરો રણછોડજીની હવેલી નાગનાથ મહાદેવનું મોટું

ક રાવળપીર અને કાઝીવાળી મસીદ વગેરે છે
શ્વર મહાદેવ રાજડા પાસે જ્યોતેશ્વર મહાદે
પીર અને મિલાણા ડુંગરમાં મિત્રનાથની જ-

ાવટ બોલો ?
ાલસ, રંગેલ, છાપેલ સાડલા, કાળું કાપડ, દેશી કાપડ
ટીઓ.
ુખ્ય ઉપજ શી શી છે ?
-કપાસ, બાજરી, જૂવાર, ઘઉં, મગ, મઠ, ગુવાર, નાગલી છોસ-
ટી મો ચોળા, એરંડી, તલ, લસણ, રાઈ, સરસીઆ મેથી, ધા-
તમાકુ અને કાળા આસમાની પથરા,

૭ अबडासा तालूको.

આ તાલુકાની મર્યાદા બોલો.
૯-એની પૂર્વે માંડવી તાલૂકો અને નખત્રાણા થાણું. ઉત્તરે નખત્રા-
ણા થાણું પશ્ચિમે લખપત થાણું અને દક્ષિણે અરબી સમુદ્ર છે
એમાક ગરડા ને કંડનો કંઈક ભાગ મળી થયા છે
પ્ર-મુખ્ય ડુંગરનાં નામ દો ?
ઉ-ચિત્રાણો, બાલચાડેવાળી ધાર, વ મોટી વાળી ધાર, ખટલો,
ખાત્રોડો, છપરો વિગેરે.
ઉ-મુખ્ય નદીઓ કહો ?
ે-સાઇ, કનકાવતી અને સતવળી તથા મોડકુબા આગળ વંગધરો
યરો અથવા પેઓણી, રણીઆરો, અને રાખડી વગેરે
ાં બૈઠ કયાં કયાં છે ?
રશેખરાન, પીર હા-

સ્તકશાળા છે. કોઠારામાં શ્રાવકોનાં દેરાં, ધ
શાળા, સ્કુલ, અને કન્યાશાળા છે, તથા ત
તળાવછે. નળીઆમાં, સ્કુલ નાઇટસ્કુલ,
મકતબ લાઇબ્રેરી, દવાખાનું, શેહેર સુધરાઇ ખાતુ
બાગો છે. તેરા એ કુમારશ્રી હમીરજીને આપેલા ગા
છે, એને ઘણો ગામગઢ તથા દરબાર ગઢ છે. ગામમાં
જોવા જેવું છે તથા વિદ્યાલય, કન્યાશાળા, નાઇટસ્કુલ, પુ
ળા, ધર્મનું દવાખાનું, સુમરાસર, મતાસર અને રાતાસર ન
તળાવો છે, ભિદ્દામાં આખા તાલૂકાને ઇનસાફ આપવાની પહેલા
વર્ગની દીવાની તથા ફોજદારી અદાલતો, નિશાળ અને ધ
ધર્મશાળા છે.

પ્ર–ધર્મની જગાઓ કઇ કઇ અને તે ક્યાં છે.

ઉ–રામપરમાં અબડાપીરની જગા, તેરામાં શ્રાવકોનું દેરૂં તથા બાબુની હવેલી અને સૈયદ મહમદની મસીદ જોવા લાયક છે, નળીઆ, કોઠારા, સાંધાણુ અને સુથરીનાં જૈન દેરાં લાખો રૂપિઆ ખરચી બહુ સરસ બંધાવેલાં છે. વિંઝાણમાં વિંધ્યવાસની માતાનું સ્થાન છે.

પ્ર–મુખ્ય પેદાશ બોલો?

ઉ–રૂ, બાજરી, ગુવાર, જૂઆર, પૂછર, છાસટીઓ, ઘઉં, મગ મઠ જવ, તલ, વગેરે.

પ્ર–હુન્નરી બનાવટ શું થાય છે?

ઉ–નળીઆના બોરીના ચોકડીદાર ચોફાળ, લુંગી, ખેસ, ઇ... પાંચપટો, બંદુકો. તાળાં વગેરે. કોઠારામાં સુડી, વિં... રના વાટકા, કુંડી અને મોથાળામાં ...